# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-06-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતી વકીલ** વાંચે છે.

---

## ગ્રામ પંચાયત : ચૂંટણી પરિણામો

રાજ્યભરમાં 22 જૂને યોજાયેલી ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા ચૂંટણી માટેની આજે મતગણતરી ચાલી રહી છે. કચ્છની 118 ગ્રામ પંચાયતમાં સરપંચ અને સભ્ય પદના પરિણામો જાહેર થઇ રહ્યા છે. તમામ નવ મતગણતરી કેન્દ્રો પર સવારથી લોકોની ભીડ જોવા મળી હતી. વિજેતા ઉમેદવારોને સમર્થકોએ હારતોરા કરી વધાવી લીધા હતા.

જિલ્લાની 118 સામાન્ય, વિભાજન અને મધ્યસત્રની ગ્રામપંચાયતોમાં જિલ્લાના 109873 પુરૂષ, 106639 સ્ત્રી મળી કુલ 216512 મતદારોમાંથી 87055 પુરૂષ, 81504 સ્ત્રી, 168559 મતદારોએ મતદાન કરતાં 79.23 પુરૂષ, 76.43 સ્ત્રી મળી કુલ 77.85 ટકા મતદારોએ મતદાન કર્યું હતું.

તે જ રીતે જિલ્લાની 11 ગ્રામપંચાયતની પેટા ચૂંટણીમાં 8950 પુરૂષ, 8385 સ્ત્રી મળી કુલ 17,335 મતદારોમાંથી 5824 પુરૂષ, 5053 સ્ત્રી મળી કુલ 10,877 મતદારોએ મતદાન કરતાં 65.07 ટકા પુરૂષ, 60.26 ટકા સ્ત્રી મળી કુલ 62.75 ટકા મતદાન થયું હતું.

--------------------------------------------------------------------------------

## પર્યાવરણ શુદ્ધિ : વરસાદ મહાયજ્ઞ

પર્યાવરણની શુદ્ધિ તથા સંતુલન, સમસ્ત જીવના કલ્યાણ અર્થે તેમજ શ્રીકાર વરસાદની શુભભાવના સાથે ભુજના સુંદરમનગર ખાતે સમસ્ત જીવકલ્યાણ સમિતિ તથા આર્ય સમાજ દ્વારા સાત દિવસીય વર્ષા મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ યજ્ઞમાં આહુતિ આપીને આ મહા યજ્ઞનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય

દેવવ્રતએ કહ્યું હતું કે, પ્રકૃતિના પ્રકોપથી બચવા ઇશ્વરીય વ્યવસ્થામાં જીવનદાતા તત્વોનું દોહન અટકાવીને તેને પુષ્ટ કરવા એ આજની જરૂરીયાત છે. પર્યાવરણના પંચદેવતાઓને પ્રસન્ન કરવાનું એકમાત્ર સાધન યજ્ઞ છે. પ્રાણીમાત્રના કલ્યાણના સાધન સમાન યજ્ઞને ફરી અપનાવવાના આહ્વાન સાથે ઘર ઘર યજ્ઞની પરંપરા શરૂ કરવા રાજ્યપાલએ અનુરોધ કર્યો હતો.

ગાંધીધામ ખાતે જગતસિંહ જાડેજા એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા નિર્મિત અને સંચાલિત ડ્યૂન્સ કોલેજના ઉદઘાટન પ્રસંગમાં પણ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહ્યા હતા.

-----------------------------------------------------------------------------------

## સંવિધાન હત્યા દિવસ

રાજ્ય સહિત સમગ્ર દેશમાં આજે સંવિધાન હત્યા દિવસ મનાવવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં સંવિધાન હત્યા દિવસ મનાવવામાં આવ્યો. ગાંધીધામ ખાતે સાંસદ વિનોદ ચાવડા અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં સંવિધાન હત્યા દિવસ મનાવવામાં આવ્યો. સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું કે રાજ્ય મુખ્યમંત્રીના નેતૃત્વમાં આખાય રાજ્યની અંદર સંવિધાન હત્યા દિવસના કાર્યક્રમ યોજાયા છે. લોકશાહીના ઇતિહાસમાં **25** જૂન **1975**નો દિવસપોતાની સરકાર, પોતાનું પદ ટકાવવા માટે કરીને સાચા અર્થમાં સંવિધાનની હત્યા કરી. ગાંધીધામ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ધારાસભ્યોએ પણ કાર્યક્રમ અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમના સ્થળપર લલિતકલા અકાદમી સનેગોલની પ્રતીકૃતિ, ફોટો પ્રદર્શન તેમજ કેનવાસ પર શાઇનીંગ કેમ્પેઇન યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમના ભાગરૂપે જુદી જુદી શાળા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા મશાલ રેલી અને જનજાગૃતિ રેલીનું આયોજન કરાયું હતું.

-----------------------------------------------------------------------------------

## નેશનલ મહિલા હેન્ડબોલ ભુજમાં

કચ્છી લેવા પટેલ સમાજ-ભુજના મુખ્ય આયોજન હેઠળ તથા અનેક દાતાઓના સહયોગે ગુજરાતમાં પ્રથમવાર રાષ્ટ્રીય કક્ષાની 54મી સિનિયર નેશનલ મહિલા હેન્ડબોલ ચેમ્પિયનશિપનું તા. 28 જુનથી 3 જુલાઇ સુધી છ દિવસનું આયોજન કરાયું છે. આયોજનમાં હેન્ડબોલ ફેડરેશન ઓફ ઇન્ડિયા, હેન્ડબોલ ફેડરેશન ગુજરાત, હેન્ડબોલ ફેડરેશન કચ્છ સહયોગી છે અને આ આયોજનમાં મુખ્યભૂમિકા ભજવી રહ્યું છે. આ 54મી સિનિયર નેશનલ મહિલા હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં ભારતના 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ટીમોના 540 મહિલા ખેલાડી, 18 કોચ-મેનેજર ભાગ લેવાના છે, જે માટે જરૂરી તમામ આનુષાંગિક ઉચ્ચ સ્તરીય વ્યવસ્થાઓ કરાઈ છે. આ સ્પર્ધામાં રાષ્ટ્રના અર્ધલશ્કરી દળો જેવા કે એસએસબી, બીએસએફ સીઆરપીએફ, પંજાબ પોલીસના ચુનંદા મહિલા ખેલાડીઓ સંબંધિત રાજ્યોની ટીમોમાં ભાગ લઇ રહ્યા છે.

---------------------------------------------------------------------------------

## કંડલા હાઇવે : ટેન્કર પલ્ટી

ગાંધીધામ તાલુકાના કંડલા હાઇવે પર આજે સવારે એક એલપીજી ભરેલું ટેન્કર પલટી ગયું. ટેન્કર ગાંધીધામ તરફ જઈ રહ્યું હતું ત્યારે અકસ્માત સર્જાયો. આ ઘટનાને કારણે હાઇવે પર લગભગ બે કલાક સુધી વાહનવ્યવહાર પ્રભાવિત થયો.

દિનદયાળ પોર્ટના ફાયર વિભાગે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી શરૂ કરી. ક્રેનની મદદથી ટેન્કરને સુરક્ષિત રીતે ઊભું કરવામાં આવ્યું. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી. ટેન્કરને સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------

## કચ્છ : વાજબી ભાવ દુકાનમાં ગેરરીતિ

કચ્છમાં વાજબી ભાવની દુકાનોમાં હવે અંગૂઠો આપીને રાશનકાર્ડ ધારકોને અનાજ પરવઠો આપવાનો હોવા છતાં કયાંક ગેરરીતિ થતી જ હોય છે. પુરવઠા તંત્રે ફરી તપાસ દરમ્યાન ત્રણ દુકાનદારોને ત્યાં ગેરરીતિ પકડી પાડી હતી. પુરવઠા અધિકારી શ્રી હાસ્મી પાસેથી

**મળેલી વિગતો પ્રમાણે ત્રણ સ્થળોએ ચેકિંગ દરમ્યાન માલની વધ-ઘટ સામે આવી હતી. અબડાસાના રવા, ભુજ અને માંડવી તાલુકાની દુકાનોમાં કાર્યવાહી કરાઇ હતી.**

**------------------------------------------------------------------------------------**